
ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# 'પીએમ નરેન્દ્ર મોદી' ફિલ્મ ૧૫મી ઓક્ટોબરથી સિનેમામાં રિલીઝ થશે

**વિવેક ઓબેરોય અભિનિત આ ફિલ્મ લોકસભાની ચૂંટણીના કારણે રજૂ થઇ શકી ન હતી, પરંતુ હવે માહિતી અને પ્રસારણ વિભાગે મંજૂરી આપી દીધી છે**

ગાંધીનગર, તા. ૧૦

ઘણાં સમયથી બંધ પડેલી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર બનેલી ફિલ્મ ૧૫મી ઓક્ટોબરથી ફરી




શરૂ થશે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયે આ ફિલ્મને થિયેટરોમાં રજૂ કરવાની મંજૂરી આપી છે. આ ફિલ્મમાં નરેન્દ્ર મોદીનું પાત્ર ફિલ્મસ્ટાર વિવેક ઓબેરોયે ભજવ્યું છે.

નરેન્દ્ર મોદીની બાયોપિક સિલ્વર સ્ક્રીન પર ટૂંકસમયમાં રજૂ કરાશે. આ ફિલ્મમાં નરેન્દ્ર મોદીના ચાયવાલા દિવસોથી વડાપ્રધાન સુધીની સફરને કંડારવામાં આવી છે. આ ફિલ્મને ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલાં રિલીઝ કરવાની થતી હતી પરંતુ ચૂંટણી પંચ અને વિરોધના વચ્ચે વિલંબમાં પડેલી છે.

ફિલ્મના નિર્માતા સંદીપસિંહ કહે છે કે કેટલીક રાજકીય અડચણોના કારણે આ ફિલ્મ રજૂ થઇ શકી નથી પરંતુ લોકો આ ફિલ્મ જોશે તો નરેન્દ્ર મોદીનું જીવનચરિત્ર્ય ખબર પડશે. આજના જમાનાની પ્રેરણાદાયી સ્ટોરીને આ ફિલ્મમાં વર્ણવવામાં આવી છે.

ઓમંગ કુમાર દ્વારા નિર્દેશિત બાયોપિક ફિલ્મના કલાકારોમાં વિવેક ઓબેરોય, બોમન ઈરાની, દર્શન કુમાર, મનોજ જોષી, પ્રશાંત નારાયણન, ઝરીના વહાબ, બરખા બિષ્ટ સેનગુપ્તા, અંજન શ્રીવાસ્તવ, યતિન કારીકર અને રાજેન્દ્ર ગુપ્તા છે. આ ફિલ્મને પહેલાં રિલીઝ કરવામાં આવી હતી પરંતુ લોકસભાનીચૂંટણીના કારણે તેને અટકાવી દેવામાં આવી હતી.

ફિલ્મના દિગ્દર્શક ઓમંગ કુમારે કહ્યું હતુંકે મને આનંદ છે કે આ ફિલ્મ હવે સિનેમાગૃહોમાં રજૂ થવા જઈ રહી છે. અમે અમારી ફિલ્મ પીએમ નરેન્દ્ર મોદીને ફરીથી રજૂ કરવા જઈ રહ્યાં છીએ.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના મીડીયન કટ પર સોલાર બ્લિન્કર્સ મુકવાની કામગીરી શરૂ

**મુખ્યમાર્ગો પર ક્રોસ પોઇન્ટને અનુલક્ષી તંત્રએ કામ શરૂ કર્યુ : રોડ સેફટીને અનુલક્ષી ૨૫૦ પોઇન્ટ પર સોલાર લાઇટ દિવસ રાત જગમગતી રહેશે**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરના મુખ્યમાર્ગો પર સ્થિત ક્રોસ પોઈન્ટ પર સોલાર બ્લિન્કર્સ લગાવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. મુખ્યમાર્ગો પર મીડીયન કટ પર અકસ્માત ન થાય તે માટે આ મુજબ બધા જ જંકશન પર આ કામગીરી હાથ ધરાશે. ક્રોસ રસ્તા પર રોડ સેફટીના ભાગરૂપે ૨૫૦ જેટલા પોઈન્ટ પર સોલાર બ્લિન્કર્સ લગાવાશે. મહીનાના અંત સુધીમાં કામ પુર્ણ કરી દેવાશે.

ગાંધીનગરના મુખ્યમાર્ગો પર સ્થિત ક્રોસ પોઈન્ટ પર અકસ્માતને નિવારવા માટે તંત્રએ આજથી સ્પ્રિન્કલર્સ લગાવાનુ કામ શરૂ કરી દીધુ છે. સોલાર લાઈટ રાત દિવસ ઝબુકતી રહેશે જેના લીધે વાહનચાલકો ક્રોસ પોઈન્ટ પર પોતાના વાહનો ધીમા કરી દેશે જેથી અકસ્મતાનો ખતરો પણ ટળશે. શહેરમાં છેલ્લા ઘણાં સમયથી મુખ્યમાર્ગો પર ગતિ નિયંત્રણ જળવાતુ નથી જયારે ટ્રાફિક સિગ્નલ કાર્યરત થયા બાદ વાહનોની ગતિ નિયંત્રિત થઈ છે. પરંતુ હજુ પણ ક્રોસ પોઈન્ટ પાસે અકસ્માતનો ખતરો યથાવત છે. શહેરમાં છેલ્લા એક દાયકામાં અકસ્માતોની સંખ્યા પણ ચિંતાજનક છે. જયારે માર્ગ અકસ્મતામાં મૃત્યુનો આંકડો પણ ઉંચો છે. શહેરના ખુલ્લા અને પહોળા માર્ગો પર વારંવાર અકસ્માતો થાય છે. ત્યારે નગરના મુખ્યમાર્ગો પર આ ક્રોસ રસ્તાઓ બંધ કરવા માટે પણ અનેકવાર રજુઆતો થઈ છે. શહેરમાં માર્ગ સલામતીના મુદ્દે ભયજનક પરિબળોને ડામવા માટે તંત્ર દ્વારા ક્રોસ પોઈન્ટ પર બ્લિન્કર્સ મુકવાનુ આયોજન કરાયુ હતુ તંત્ર દ્વારા આ

● અનુસંધાન પાન-૭ પર



# ગાંધીનગર ડેપોને અનલોક ફોરના અંતે પોણા ચાર કરોડની ખોટ

**ગત વર્ષ દરમિયાન આ ચાર મહીનામાં એસ.ટી.એ ૬ કરોડની આવક કરી હતી : છુટછાટના અંતે પણ કોરોનાના ડરથી સલામત સવારીમાં બેસવામાં નાગરિકોમાં હજુ પણ ડર જણાય છે**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર એસ ટી ડેપોએ અનલોક ફોરના અંતે પ્રતિવર્ષ થતી નિગમની આવકમાં અંદાજિત રૂ ૪ કરોડનુ નુકશાન કર્યુ છે. ગત વર્ષે એસ ટી ડેપોએ જુન થી સપ્ટેમ્બર મહીના દરમિયાન અંદાજિત ૬ કરોડની આવક કરી હતી જયારે આ વર્ષે આ સમયગાળા દરમિયાન એસ ટી એ માત્ર ૨.૨૫ કરોડની આવક કરી છે. કોરોના સંક્રમણકાળમાં ગાંધીનગર ડેપોએ તગડી આવક ગુમાવી છે. ગત વર્ષની સાપેક્ષમાં આ ચાર મહીના દરમિયાન ગાંધીનગર ડેપોએ ૩.૭૫ કરોડની આવક ગુમાવી છે.

કોરાના કહેર વચ્ચે પ્રારંભિક લોકડાઉનમાં વેપાર ધંધા સાથે બધુ ઠપ્પ થઈ ગયુ હતુ. સમગ્ર દેશમાં લોકડાઉનની અસરથી સન્નાટો છવાઈ ગયો હતો. આ સ્થિતિ વચ્ચે વાહનવ્યવહાર સેવા પણ ખોરવાઈ ગઈ હતી આખરે બે મહીનાથી વધુ સમયના અંતે સલામત સવારીના પૈડા પણ ફરતા થયા હતા. આવા સંજોગોમાં એસ ટી બસમાં સોશિયલ ડિસ્ટન્સીંગ સહીતના નિયમોનુ પાલન કરવા માટે બસમાં અગાઉ માત્ર ૩૦ જ મુસાફરોને સીટ આપવામા આવતી હતી જયારે કોરોનાના સંક્રમણથી બચવા માટે અપડાઉન કર્તાઓ પણ શહેરી બસ સેવાનો ઉપયોગ કરવાનુ ટાળી રહ્યા છે. આ ઉપરાંત લાંબા અંતરની બસોમાં પણ એસ ટી ને પુરતો ટ્રાફિક મળતો નથી. જો કે એસ ટી તંત્ર દ્વારા તબકાવાર બધી જ બસો દોડાવાનુ શરૂ કરી દેવાયુ છે.

હાલ શહેરી બસ સેવા સહીત વોલ્વો બસ પણ દોડી રહી છે પરંતુ એસ ટી ને પુરતો ટ્રાફિક મળતો નથી જેના લીધે આવકમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. એસ ટી બસમાં અગાઉ ૩૦ મુસાફરો બેસાડવાની છુટછાટ આપવામાં આવી હતી જયારે હાલ ૭૫ ટકા સુધીની છુટ આપવામાં આવી છે. અગાઉ એસ ટી તંત્રને પ્રતિદિન ૫.૫૦ લાખની આવક થતી હતી પરંતુ કોરોનાના સંક્રમણકાળમાં એસ ટી ની આવકમાં ૫૦ ટકાથી પણ વધુ ઘટાડો થયો છે. ગત વર્ષ ૨૦૧૯ દરમિયાન જુનથી સપ્ટેમ્બર મહીના દરમિયાન ગાંધીનગર ડેપોએ અંદાજિત રૂ ૬ કરોડની આવક કરી હતી જયારે આ વર્ષે માત્ર ૨. ૨૫ કરોડની આવક થઈ છે. આમ ગાંધીનગર ડેપોની આવકમાં ૩.૭૫ કરોડનો નોંધપાત્ર ઘટાડો થયો છે.

# સે-૨૫ જી આઈડીસી વિસ્તારમાં વધતા દબાણો નવા ઉદ્યોગો માટે ખતરારૂપ

**દબાણોના લીધે ચોરી સહીત અન્ય ગુનાખોરીનુ પ્રમાણ પણ વધ્યુ : વધતી ઝુંપડપટ્ટીના દબાણોને અટકાવવા ઇલેક્ટ્રોનિકસ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનની રજુઆત**

ગાંધીનગર તા ૧૦

સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં દબાણોએ અજગર ભરડો લીધો છે ત્યારે દબાણના મામલે તંત્ર આગ લાગે ત્યારે કુવો ખોદવા નિકળે તેવી સ્થિતિમાં હોય છે. વિકાસના કામો અટકે કે દબાણો માત્ર સરકાર માટે અડચણરૂપ બને ત્યારે જ દબાણોને તોડવા બુલડોઝર ફરતા થાય છે. શહેરના જી આઈ ડી સી વિસ્તારમાં પણ દબાણોની સમસ્યા પેચીદી બનતી જાય છે. જેના લીધે આ વિસ્તારમાં ચોરી સહીત અન્ય ગુનાખોરી પણ વધી છે. ઈલેક્ટ્રોનિકસ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશને પણ આ દબાણોને દુર કરવા માટે ઉગ્ર રજુઆત કરી છે.

શહેરમાં એકબાજુ હાઈટેક વિકાસના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. ત્યારે વિકાસના કામો આડે દબાણો અવરોધરૂપ બન્યા છે. સેકટરોમાં પણ હજુ દબાણોની સમસ્યા યથાવત છે. ગોકુળપુરા વિસ્તારમાંથી તંત્રએ હજુ હમણાં જ ૫૦૦ થી વધુ દબાણોનો સફાયો કર્યો છે. આ દબાણોના લીધે અન્ડર પાસ સહીતના મહત્વના પ્રોજેકટનુ કામ પણ અટવાયુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વધુ ૧૯ કોરોનાથી સંક્રમિત

**સે.૨૧માંથી ૪ કેસ મળ્યા : સે. ૨ માં સાડા પાંચ વર્ષની દિકરી સંક્રમિત થઈ : શહેરમાં આજે સે. ૨૧માં ૪, સે. ૧૯ માં ૩, સે. ૭, ૨૯, ૩૦ અને ૧૩ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૧૭, ૧૬, ૨ અને ૪ માંથી પણ કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૯ કેસ નોંધાયા છે. આ સાથે કોરોનાના કેસોની સંખ્યા ૧૫૦૫ થઈ છે.

શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે. રિકવરી રેટ સારો છે તેથી તંત્રને થોડીક રાહત જરૂર છે પણ શહેરના વિવિધ સેક્ટરોમાં જે રીતે કેસો સામે આવી રહ્યા છે તે ચિંતાજનક છે.

ગાંધીનગર શહેરનું હૃદય ગણાતા સે. ૨૧ માં આજે ૪ કેસ આવ્યા છે. સે. ૨૧માં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તે ચિંતાજનક છે. આજ પ્રમાણે સે. ૨૯ માં પણ છેલ્લા કેટલાક દિવસોથી કેસની સંખ્યા વધી રહી છે. તંત્રએ સર્વેલન્સ સઘન બનાવ્યુ છે. આ ઉપરાંત ટેસ્ટીંગનું પ્રમાણ પણ વધાર્યુ છે. જે ઝડપે કેસો વધી રહ્યા છે તે કોરોના ત્રીજા સ્ટેજમાં પ્રવેશી ચુક્યો હોવાનો સ્પષ્ટ પુરાવો છે પરંતુ કોઈ સત્તાવાર રીતે આ વાતનો સ્વીકાર કરતુ નથી.

શહેરમાં આજે સે. ૨૧માં ૪, સે. ૧૯ માં ૩, સે. ૭, ૨૯, ૩૦ અને ૧૩ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૧૭, ૧૬, ૨ અને ૪ માંથી પણ કેસો મળી આવ્યા છે.

સે. ૨૯ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૩૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સોલાર વોટર હીટરનો ધંધો કરતા ૪૦ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૭ માંથી પણ આજે બે કેસ મળી આવ્યો છે. ગુજરાત માર્ગ સલામતિ સત્તામંડળમાં નોકરી કરતા ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કૃષિભવનમાં ક્લાર્ક તરીકે નોકરી કરતા ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર શહેરના હૃદયસમાન સે. ૨૧માંથી આજે ચાર કેસ મળી આવ્યા છે. આ સેક્ટરમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. સે. ૨૧માંથી એક વૃદ્ધ દંપત્તિ કોરોનાની ઝપટે ચડ્યુ છે. ૬૮ વર્ષીય પુરૂષ અને ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૧માં જ રહેતા અનો વેપાર સાથે સંકળાયેલ ૩૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત પોલીસમાં ફરજો બજાવતા ૫૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૭ માં રહેતા અને એસ.ટી.માં વોચમેનની સેવાઓ આપતા ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સારવાર માટે તેને ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૧૯ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. ૬૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં યુ.એન. મહેતામાં દાખલ કરાયા છે. આઈઆઈટીમાં નોકરી કરતા ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૪૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩૦ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. રાજકોટ જીએસઆરટીસીમાં નોકરી કરતા ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૭૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૩ માંથી આજે વધુ બે કેસ નોંધાયા છે. ૬૩ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામીણ વિસ્તારમાં વધુ ૧૫ કેસ

**ગાંધીનગરમાં ૩, માણસામાં ૬, દહેગામમાં ૨ અને કલોલમાં ૪ કેસ : ૨૦૪૬ દર્દીઓ કોરોનામુક્ત થયા**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૫ કેસ કોરોનાના નોંધાયા છે. સારવાર દરમ્યાન કલોલની વૃદ્ધાનું મોત પણ થયુ છે.

જિલ્લામાં વધતા જતા મૃત્યુદરના સાચા આંક છુપાવવામાં આવી રહ્યા છે. કો-મોર્બિડ ડેથના નામે પણ આ આંકડાઓ છુપાવવામાં તંત્ર વધુ વ્યસ્ત બન્યુ છે.

કલોલની ૭૧ વર્ષીય વૃદ્ધાનું સારવાર દરમ્યાન મોત થયુ છે. જો કે રાજ્ય સરકારે બે દર્દીના મોત થયાનું તેની સત્તાવાર યાદીમાં જણાવ્યુ છે. જ્યારે તંત્રએ માત્ર એક જ મોત નીપજ્યાનું જણાવ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં આજે જે ૧૫ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગરમાં ૩, દહેગામમાં ૨, માણસામાં ૬ અને કલોલમાં ૪ કેસ નોંધાયા છે.

અડાલજ ગામેથી ૬૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. કુડાસણમાંથી ૨૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને પણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ભાટ ગામમાંથી ૪૩ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વેપારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

દહેગામ અર્બનમાંથી આજે બે કેસ મળી આવેલ છે. ૫૮ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૬૦ વર્ષીય ગૃહણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

માણસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે ૬ કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. માણસામાં જે રીતે કેસો વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં પણ વધારો કર્યો છે.

તાલુકાના અજરપુરા ગામેથી ૨૨ વર્ષીય યુવા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

દેલવાડ ગામેથી ૩૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. લોદરામાંથી ૨૨

● અનુસંધાન પાન-૭ પર

**શીવ ઈલેક્ટ્રીક રીપેરીંગ**
ગાંધીનગર-કલોલ માટે ઘરઘંટી, વૉશીંગ મશીન, સીલીંગ ફેન, મીક્ષર, ઈસ્ત્રી, પાણીની મોટર રીપેરીંગ માટે સંપર્ક કરો.
મો. ૭૨૬૫૮૪૮૦૫૬
સેક્ટર-૨૪ ચોકડી

## રાજપૂત સમાજ, ગાંધીનગર

### વાર્ષિક સાધારણ સભાની નોટીસ

શ્રી રાજપૂત સમાજના ગાંધીનગરના તમામ આજીવન સભ્યોને જણાવવાનું કે, સંસ્થાની વાર્ષિક સાધારણ સભા તા. ૧/૧૧/૨૦૨૦ને રવિવારના રોજ બપોરના ૨-૦૦ વાગે 'બાશ્રી હંસાબા ચંદનસિંહજી રાજપૂત સમાજ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર' ખાતે મળશે. જેમાં વર્ષ ૨૦૨૧-૨૨ના હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવશે. જેમાં સમયસર હાજરી આપવા વિનંતી છે.

| સહી/- | સહી/- |
|---|---|
| હિતેન્દ્રસિંહ સી. રાઓલ | લાલસિંહ કે. વાઘેલા |
| મહામંત્રી | પ્રમુખ |

**નોંધ :**
(૧) સભામાં સામાજીક અંતર રાખી, માસ્ક પહેલીને હાજરી આપવાની રહેશે.
(૨) કોરમના અભાવે મુલતવી રહેલી સભા અડધા કલાક બાદ ઉપસ્થિત સ્થળે હાજર રહેલા સભ્યોની હાજરીમાં મળશે અને કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે.

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
SURMOUNT HOSPITAL
**સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ**
EMERGENCY 24 HOURS SERVICES

**સુવિધાઓ**
- આઈ.સી.યુ.ની સુવિધા
- 2D Echo
- અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિકવન્સી એક્સ-રે મશીન
- સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
- એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
- મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા

**ઉપલબ્ધ સારવાર**

**ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)**
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન

**સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)**
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન

**મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)**
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ

**પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)**
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી

**કાન, નાક, ગળા વિભાગ** (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર

**ન્યુરો સર્જરી વિભાગ** (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન

For Appointment : Mo. : 84698 80550

OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦

કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com